# 6. સુંદરીની શોધ

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખ

   1) મંડળીને વધુ આવક કરી આપવા બાપુલાલ શું કરવા માગતા હતા ?

- મંડળીને વધુ આવક કરી આપવા બાપુલાલ જયશંકરની ભૂમિકા કેન્દ્રમાં રાખીને જૂના નાટકોને ઝડપથી રંગમંચ પર મૂકવા માંગતાં હતાં.

   2) વિક્રમચરિત્ર'માં જયશંકરે કોની ભૂમિકા ભજવી હતી ?

- 'વિક્રમચરિત્ર'માં જયશંકરે 'રંભા દુધવાળી'ની ભૂમિકા ભજવી હતી.

   3) મિલોએ કઈ પંક્તિનો જાહેરાત તરીકે ઉપયોગ કર્યો ?

- મિલોએ 'કોઈ દૂધ લ્યો દિલરંગી' એ ગીતની પંક્તિનો જાહેરાત તરીકે ઉપયોગ કર્યો.

   4) જયશંકર 'સુંદરી'ના અભિનયગુરુ કોણ હતા ?

- જયશંકર 'સુંદરી'ના અભિનયગુરુ બાપુલાલ નાયક હતા.

   5) બાપુલાલને આખી રાતનો ઉજાગરો શાથી થયો હતો ?

- બાપુલાલને 'સરસ્વતીચંદ્ર' નવલકથાનો ચોથો ભાગ વાંચવામાં એટલો રસ પડ્યો કે એ પૂરી કરવામાં આખી રાતનો ઉજાગરો થયો.

   6) 'સુંદરી'ના પાત્રને જીવંત બનાવવા જયશંકરે શું કર્યું હતું ?

- 'સુંદરી'ના પાત્રને જીવંત બનાવવા જયશંકરે શેક્સપિયરની 'ડેસ્ડિમોના' અને માલતીમાધવની 'માલતી'નો અભ્યાસ કર્યો હતો.

## 2. નીચેના પ્રશ્નોના બે –ત્રણ વક્યોમાં ઉત્તર લખો

### 1) બાપુલાલે નટના કર્તવ્ય અંગે જયશંકરને શું કયું ?

- ‘જુગલ જુગારી’ નાટકની નાયિકા ‘લલિતા’ની ભુમિકા ભજવતાં જયશંકર એમાં તરબોળ(એકાકાર) થઈ ગયા. સરળ વાચિક અભિનય કરતાં તેમની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યાં. છેલ્લા શબ્દો ઉચ્ચારવાનું એમને માટે મુશ્કેલ થઈ પડ્યું. આ જોઈને બાપુલાલે જયશંકરને પ્રોત્સાહિત કરતાં કહ્યું : ‘આ પ્રકારની જે અસર તને લલિતા’ની ભુમિકા ભજવતાં થઈ છે, તે જ અસર પ્રેક્ષકો પર ઊભી કરવી એજ નટનું કર્તવ્ય છે.”

### 2) કૃષ્ણાબહેને એમના પતિને નાટક જોયા પછી શું કહ્યું ?

- જયશંકરે નાટકમાં ‘લલિતા’નું પાત્ર એટલી સરસ રીતે ભજવ્યું હતું કે પ્રેક્ષકો પર એની અસર થઈ હતી. આ નાટક જોઈને કૃષ્ણાબહેને એમના પતિને કહ્યું. ‘શેઠ આ લલિતા તો જાણે અસલ આપણી ગુલાબ જ જોઈ લો ! એના જેવું જ હસવું, એના જેવું જ બોલવું અને એની જેમ જ એણે એનાં વસ્ત્રોની સજાવટ કરી હતી. હું તો ભ્રમમાં પડી ગઈ કે આપણી ગુલાબ રંગમંચ ઉપર ક્યાંથી આવી ?"

### 3) જયશંકર ભોજકે ‘સરસ્વતિચંદ્ર’ કેટલી વાર વાંચી ? તેમાંથી શું સમજાવા લાગ્યું ?

- જયશંકરે ‘સરસ્વતિચંદ્ર’ના ચારે ભાગ સમયે સમયે કરીને સાત વાર વાંચ્યાં. તેમાંથી જયશંકરને પ્રેમની આંટિઘૂંટી, વિરહની વેદના, રાજકીય અને સમાજિક પરિસ્થિતિ, અનેક અડકથાઓ અને એનેક તળ ગુજરાતનાં સુરેખ રીતે આલેખાયેલાં પાત્રો વાંચ્યાં પછી તેમને કથા પૂરતો ભાગ શરૂઆતમાં સમજાવા લાગ્યો.

### 4) બાપુલાલના મનોજગત પર કયાં કયાં પાત્રોએ અસર કરી હતી ?

- ‘સરસ્વતીચંદ્ર’ નવલકથામાં આવતાં‘કુમસુંદરી;’, ;કુસુમ’, ‘ગુણસુંદરી’, ‘અલકકિશોરી’, ‘સૌભાગ્યદેવી’, ‘મેનારાણી’, ‘ચંદ્રવલીમૈયા’, - જેવા દરેક પાત્રે જયશંકરના મનોજગત પર ઘેરી અસર કરી હતી

### 5) જયશંકરની ‘સુંદરીની શોધ’ ક્યારે પૂર્ણ થઈ ?

- જયશંકરે ‘સરસ્વતીચંદ્ર’ના ચાર ભાગ વાંચ્યાં. એમાંનાં ‘કુમસુંદરી’, ‘કુસુમ’, ‘ગુણસુંદરી’, ‘અલકકિશોરી’, ‘સૌભાગ્યદેવી’, ‘મેનારાણી’, ‘ચંદ્રવલીમૈયા’, જેવાં પાત્રોનાં નારીત્વની તેમના પર ઊંડી અસર પડી. તેમને થયું કે ગુજરાતની જે નારીની શોધમાં હતા એનાં દર્શન તેમને આ પાત્રોમાં થયાં. તેઓ આ અલૌકિક દુનિયામાં વિહરવા લાગ્યા ત્યારે તેમની ‘સુંદરીની શોધ’ પૂર્ણ થઈ.

### 6) જયશંકરની કુમુદ બનવાની ઈચ્છા શાથી અધૂરી રહી ગઈ ?

- જયશંકર સુંદરી'ની માટ્યમંડળીએ ગોવર્ધનરામ ત્રિપાઠીને તેમની નવલકથા 'સરસ્વતીચંદ્ર'નું નાટ્યરૂપાંતર કરી આપવાની વિનંતી કરી. એ મુજબ તેમણે એના નાટ્યરૂપાંતરનો પહેલો અંક મંડળીને મોકલી આપ્યો; પરતું તેમા સરસ્વતીચંદ્રને ચોપાટી ઉપર ભાષણ કરતો અને લોકહિતની વાતો કરતો આલેખ્યો હતો. ગમે તે કારણ હોય, પણ મંડળીને લાગ્યું કે આ નાટક મુંબઈની પ્રજાને નહિ ગમે એટલે નાટક ભજવવાનું ગમ્યું નહિ અને નાટકનું કામ આગળ ચાલ્યું નહિ. આથી જયશંકરની કુમુદ બનવાની ઈચ્છા અધૂરી રહી ગઈ.

### 7) જયશંકર પોતાના અભિનયની ગૂંચો શી રીતે ઉકેલતાં હતાં ?

- જયશંકર 'બુદ્ધિપ્રકાશ' માસિકના અંકો મેળવીને વાંચવા લાગ્યા. ઉપરાંત સમય મળતો ત્યારે તેઓ ગુજરાતી નવલકથાઓ, કાવ્યો, નિંબંધો વગેરે સાહિત્યનાં પુસ્તકોનું વાંચન કરતાં. આ રીતે તેઓ પોતાનો અભ્યાસ વધારતા હતા અને એમાંથી અભિનયની ગૂંચો ઉકેલતા હતા.

### 8) 'સુંદરી'ની ભૂમિકાને જયશંકર ક્યારે ન્યાય આપી શક્યા ?

- જયશંકરને 'સૌભાગ્યસુંદરી'માં આવતી 'સુંદરી'ની ભુમિકા ભજવવાની હતી. 'સુંદરી'ની ભૂમિકાને વધુ જીવંત બનાવવા તેમણે શેક્સપિયરની 'ડેસ્કેમોના' અને માલતીમાધવમાની 'માલતી'નો અભ્યાસ કર્યો. પરિણામે એમના મનમાં ભજવણીનો એક ચોક્કસ ક્રમ ઉભો થયો હતો. આમ, છ માસના અભ્યાસ પછી જયશંક 'સુંદરી'ની ભુમિકાને ન્યાય આપી શક્યા.

## 3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો

### 1) જયશંકરની 'સુંદરી' સુધીની રૂપયાત્રાઅ તમારા શબ્દોમાં વર્ણવો.

- જયશંકર ભોજક એક નાટકના જીવ હતા. બાર વર્ષની વયે એમના અભિનય ગુરુ બાપુલાલ નાયકે એમને ચોપટી પર લટાર મારતાં મારતાં 'સરસ્વતીચંદ્ર' નવલકથા વાંચવાની સલાહ આપી. આમ તેમણે નાની વયે 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગ વાંચી કાઢ્યાં. આ નવલકથાનાં 'કુમુદસુંદરી', 'કુસુમ', 'ગુણસુંદરી' તેમજ 'અલકકિશોરી', 'સૌભાગ્યદેવી', 'મેનારાણી', 'ચંદ્રાવલીમૈયા', જેવા નારી પાત્રોએ એમના પણ જાણે કામણ કર્યું. જે 'સુંદરી'ની શોધ તેઓ કરી રહ્યા છે. એ તો આ નવલકથાના પાને

પાને આલેખાયેલી છે એ તેમને સમજાયું. આથી તેઓ અરીસાની સામે ઉભી રહી એ પાત્રોનો અભિનય કરતા. કોઈ કારણસર તેમની નાટકમંડળીને મુંબઈમાં નાટક ભજવવાની તક મળી નહિ. એ પછી એમણે ગુજરાતી નવકથાઓ, કાવ્યો, નિંબંધો વગેરેનું વાંચન કરવામાં સમય વિતાવ્યો અને પોતાની અભિનયની ગૂંચો ઉકેલવાનો પ્રયત્ન કરતા રહ્યા. એવામાં તેમણે શેક્સપિયરની ‘ડેસ્ડીમોના’ અને સંસ્કૃત કવિ કાલિદારની ‘માલતીમાધવ’ની ‘માલતી’નો અભ્યાસ પણ કરી લીધો. પરિણામે તેમના મનમાં ભજવણીનો એક ચોક્કસ ક્રમ ઉભો થયો. તથા સમાજની બહેનો પાસેથી પણ ‘સુંદરી’નું પાત્ર કેમ ભજવવું એ શીખ્યા. આમ, જયશંકરની ‘સુનદરી’ સુધીની રૂપાંતરકથા આગળ ચાલતી રહી. ‘સૌભાગ્ય સુંદરી’ નાટકના ‘સુનદ્રી’ પાત્રના અભિનયમાં તેમણે એક શરમાળ ગરવી